# કારકિર્દી માર્ગદર્શન: (૧૨/૦૧/૨૦૨૬ની આવૃત્તિ)

-----------------------------------------------------

**દુનિયાને તજુર્બાતો હવાદિસ કી શકલ મૈં**

**જો કુછ મુજ્હે દિયા હય વહ લૌટા રહા હું મૈં**

**- સાહિર લુધ્યાન્વી**

(1) કારકિર્દી માર્ગદર્શન - નાસીરહુસેન લોટીયા

(2) Aviation Courses

Click on the links (1) and (2) above to download the PDF files.
PDF ફાઇલો ડાઉનલોડ કરવા માટે ઉપર આપેલી (1) અને (2) લિંકો પર ક્લિક કરો.



**King Abdulaziz International Airport - Jeddah (Saudi Arabia). જીદ્દાહ નું નવું બનેલું Passenger Terminal**

# "Yes, We Can"

હું – નાસીરહુસેન લોટીયા – ૨૦૦૭ થી ટંકારીઆ ગામની વેબસાઈટના https://www.mytankaria.com/people/career-guidance પેજના માધ્યમથી કેટલાક પ્રયાસો સતત કરી રહ્યો છું; જેના સારા પરિણામો પણ જોઈ રહ્યો છું. આ પરિણામોએ મારી હિંમતમાં વધારો કર્યો છે; અને તેથી જ કેટલાક મહિનાઓના અથાક પરિશ્રમ સાથે મેં કારકિર્દી માર્ગદર્શન સંબંધિત પાંચ મહત્વના પુસ્તકોની રચના કરી છે. (આ પુસ્તકોની યાદી નીચે આપી છે.) આ પુસ્તકો પૈકી બે-ત્રણ પુસ્તકો સમાજ સેવાના મુખ્ય ધ્યેય સાથે કાર્યરત સંસ્થાઓની આર્થિક સહાયથી ટૂંક સમયમાં જ તમારા હાથોમાં હશે. આ પુસ્તકો તમારા હાથમાં આવે એ પહેલાં આ પેજની તમારી મુલાકાત **એક પૂર્વભૂમિકાનું કામ** કરી તમારા આત્મવિશ્વાસમાં વધારો કરે એ પણ એક આશય છે. આ પુસ્તકો દ્વારા તમારા જેવા અનેક યુવાનોને તેમના સપનાં સુધી પહોંચવામાં મદદ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન થઇ રહ્યો છે. નવા ઈજનેરો અને તેમના વાલીઓ સાથેની મુલાકાત દરમિયાન **"નોકરી મળતી નથી"** એવી એક કોમન ફરિયાદ હંમેશા સાંભળવા મળે છે. જેની યાદી મારી પાસે નથી એવા અનેક યુવાનો ઉપરાંત જે સીધી રીતે મારા સંપર્કમાં હોવાથી મારી જાણમાં છે એવા **ટંકારીઆ ગામના ૦૫ યુવાનોએ, કેરળના ત્રણ યુવાનોએ અને ઉત્તર પ્રદેશના એક યુવાને ડાયરેક્ટ** મારી સલાહ પર બરાબર ધ્યાન આપ્યું અને એ દિશામાં આગળ વધી જુદા જુદા કોર્ષમાં એડમીશન લઇ સફળતા મેળવી અને અલ્લાહની મદદથી ખૂબ ઉંચા શિખરે પહોંચી ખુબ ઊંચાં પગાર સાથેની નોકરીઓ મેળવી. મને પૂર્ણ વિશ્વાસ છે કે અનુભવના આધારે તૈયાર થયેલા આ નવા 05 પુસ્તકો **સમગ્ર સમાજના** અનેક યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ કારકિર્દીના માર્ગે આગળ વધવા માંગતા લોકો માટે અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયી સાબિત થશે. ટૂંક સમયમાં જ આ પુસ્તકો પ્રકાશિત થશે!

કારકિર્દી માર્ગદર્શન તા. ૧૨/૦૧/૨૦૨૬ ની આ આવૃત્તિમાં એક નવીન પ્રયોગના ભાગરૂપે હાલમાં mytankaria.com વેબસાઈટના એડમિનોની ચર્ચામાં આવેલા ગલ્ફના દેશોના કેટલાક મેગા પ્રોજેક્ટ્સના પ્રભાવશાળી ફોટા ખાસ ઉદ્દેશ સાથે નીચે શેર કરવામાં આવ્યા છે, જેમાં આ ભવ્ય ઇમારતોનું નિર્માણ-કૌશલ્ય, આધુનિક ટેકનોલોજી, વૈશ્વિક સ્તરની કામગીરી અને સેફ્ટી સ્પષ્ટ દેખાય છે. ગલ્ફના દેશોમાં ઉપલબ્ધ **સોનેરી તકો** અને **આકર્ષક સુવિધાઓ** જેમ કે ઉચ્ચ પગાર, ટેક્સ-ફ્રી આવક, આધુનિક જીવનશૈલી, સુરક્ષિત વાતાવરણ, ધાર્મિક સ્વતંત્રતા, આંતરરાષ્ટ્રીય અનુભવ અને કરિયરની ખૂબ ઝડપી વૃદ્ધિ નોકરી શોધી રહેલા **ગરીબ અને અમીર કુટુંબોના** બધા યુવાનોને ગલ્ફના દેશોમાં નોકરી માટે આકર્ષિત કરશે જ્યાં **ખૂબ મામૂલી રકમનો ખર્ચ કરી ખૂબ સારા પગારની નોકરી મેળવી શકાય છે.**

નાસીરહુસેન લોટીયા અને મતીન મનમને ૨૧મી સદીના પ્રથમ અને બીજા દાયકામાં દોહા (કતાર)ના નવા બનેલા **હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ** તેમજ જીદ્દાહ (સાઉદી અરેબિયા)ના નવા બનેલા **કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ** જેવા વિશ્વસ્તરના આઇકોનિક પ્રોજેક્ટ્સમાં શરૂઆતથી અંત સુધી સાથે કામ કર્યું હતું. આ ઉપરાંત, નાસીરહુસેન લોટીયાએ સાઉદી અરામ્કો રિફાઇનરીની સાથે જોડાયેલ

**Petro Rabigh** પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સમાં QC ઇજનેર તરીકે મહત્વની ભૂમિકા નિભાવી હતી. હાલમાં મતીન મનમન **મક્કા શરીફના હરમ** (મસ્જિદ અલ-હરમ)ના વિશાળ વિસ્તરણ પ્રોજેક્ટમાં સક્રિયપણે કાર્યરત છે – જે વિશ્વના સૌથી મોટા અને સૌથી પવિત્ર ધાર્મિક સ્થળોમાંનું એક છે. મારા તમારા જેવા ગામના લોકોના મેગા પ્રોજેક્ટના આ ફોટા નવા ઈજનેરોની લઘુતાગ્રંથી દૂર કરવામાં અને ગલ્ફના દેશો વિશેની ખોટી માન્યતાઓ દૂર કરવામાં ચોક્કસ મદદરૂપ થશે.

નવા ઇજનેરો સાથેની વાતચીતથી મારી સમજમાં આવ્યું છે કે મોટાભાગના યુવા ઇજનેરો લઘુતાગ્રંથીને કારણે આજે પણ પોતાની પ્રતિભાને ઓછી આંકી માત્ર પરંપરાગત ક્ષેત્રો કે ગુજરાતની મર્યાદિત તકો સુધી જ સીમિત રાખે છે, જ્યાં રોજગારીની શક્યતાઓ દિવસે દિવસે ઘટતી જાય છે. પરંતુ અહીં નીચે આપેલા દૃશ્યો દર્શાવે છે કે વૈશ્વિક મંચ પર અસંખ્ય ઉજ્જવળ, આકર્ષક અને સફળતાની તકો રાહ જુએ છે! અહીં નીચે આપેલા ફોટા, નોકરીમાં વિશ્વભરના દેશોના લોકો જેઓ ગલ્ફના દેશોમાં એક જ પ્રોજેક્ટ પર જે રીતે ભેગા મળી, હળવા વાતારણમાં, સલામતીના ઉચ્ચ માનકો સાથે કામ કરતા હોય છે તેના વાસ્તવિક અનુભવો દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે કેટલી અસંખ્ય, આકર્ષક અને ઉજ્જવળ કરિયરની તકો રાહ જોઈ રહી છે! આ દૃશ્યો દ્વારા સમાજના યુવાનોની વિચારસરણીમાં સકારાત્મક બદલાવ આવે, ગલ્ફના દેશોમાં ખાનગી ઘરોમાં નોકરી કરતા લોકોના બે-ચાર વાયરલ થયેલા કિસ્સાઓના કારણે આખા ગલ્ફમાં પરદેશીઓ સાથે આવો વ્યવહાર થતો હશે એવી ગલ્ફમાં નોકરીઓ સાથે જોડાયેલી તદ્દન ખોટી ધારણાઓ અને નકારાત્મક માન્યતાઓ દૂર થાય અને વૈશ્વિક મંચ પર નવા ઇજનેરો પોતાની પ્રતિભાને ચમકાવવાની તક ઝડપે એવી આશા છે.

જીવન એ એક રોમાંચક સફર છે, જેમાં દરેક પગલું નવી શક્યતાઓ, તકો અને આશ્ચર્યો લઈને આવે છે. આ સફરનું એક મોટું રહસ્ય એ છે કે તે ક્યારેય એકસરખી નથી રહેતી; ક્યારેક તે શાંત નદીની જેમ વહે છે, જે આરામ અને આત્મનિરીક્ષણની ક્ષણો આપે છે, તો ક્યારેક ઉબડખાબડ પહાડી રસ્તાઓની જેમ પડકારો લાવે છે, જે આપણને હિંમત અને સ્થિરતા શીખવે છે. આ રહસ્યોની સુંદરતા એ છે કે તે આપણને દરેક અનુભવમાંથી નિતનવું શીખવા પ્રેરે છે. આજના ઝડપથી આગળ વધતા યુગમાં, કારકિર્દીની પસંદગી એ તમારા જીવનનો સૌથી મહત્વનો વળાંક છે – જે તમારા ભવિષ્યને સંપૂર્ણપણે નવો આકાર આપી શકે છે. આજના અત્યંત સ્પર્ધાત્મક વિશ્વમાં, **કેટલીક કઠીન અને વિપરીત પરિસ્થિતિઓ** સામે જે લોકો અડગ આત્મવિશ્વાસ, અથાક પરિશ્રમ અને નવીન ક્ષેત્રોમાં નિર્ભયતાપૂર્વક પગ મૂકવાની હિંમત ધરાવે છે, તેઓ જ સફળતાના નવા-નવા શિખરો સર કરી ઘણું બધું મેળવે છે. બીજી તરફ, જેઓ પોતાને માત્ર પરંપરાગત ક્ષેત્રોમાં જ સીમિત રાખે છે, તેઓ વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ અસંખ્ય આકર્ષક અને રોજગારીની ઉજ્જવળ તકોનો મોટો હિસ્સો ગુમાવી બેસે છે.

તમારા સપનાંને વાસ્તવિકતામાં બદલવા માટે યોગ્ય માર્ગદર્શન, સ્પષ્ટ દિશા અને અવિરત મહેનત અનિવાર્ય છે. દરેક નિર્ણય અને દરેક પ્રયાસ તમને તમારી આંતરિક શક્તિઓને ઊંડાણથી સમજવામાં મદદ કરે છે અને જીવનમાં ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરવાનો માર્ગ મોકળો કરે છે.

**કારકિર્દી માર્ગદર્શન: વર્ષ ૨૦૨૬ માટેના મારા ૦૫ નવા પુસ્તકોની યાદી નીચે મુજબ છે:**

1. કારકિર્દી માર્ગદર્શન: તમારી સફળતાનો પાયો (2026)

2. ઇન્ટરવ્યૂની કળા: પ્રશ્નો, જવાબો અને સફળતાની ચાવી (2026) – 30+ વ્યવસાયો માટે વિશેષ

3. Career Guidance: Building your path to success (2026)
4. Ultrasonic Testing (UT): Principles & Professional Applications (2026)
5. Magnetic Particle Testing (MT): Complete Guide for Excellence (2026)

ટેકનીકલ પુસ્તકો અને ડિજિટલ મીડિયાના માધ્યમથી જાગૃતિ લાવવાનો આ પ્રયત્ન યુવાનોના ભવિષ્યને દિશા આપશે એવી આશા સાથે...

વાતચીતમાં હું ઘણીવાર "બોલે તેના બોર વેચાય" ની પ્રખ્યાત પંક્તિ પછી વાતચીતની દેશી ભાષાની મારી એક નવી પંક્તિનો એમાં ઉમેરો કરું છું: "શરમાય તેના બોર કરમાય." આવો, આપણે સાથે મળીને નવી દિશા તરફ આગળ વધીએ – કારણ કે સફળતાની સીમાઓ હવે ગુજરાત કે ભારત સુધી જ નથી રહી, તે વિશ્વના દરેક ખૂણે ગલ્ફના દેશો ઉપરાંત આફ્રિકા, કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ ઘણી ફેલાયેલી છે!

તમારી સફળતા માટે શુભેચ્છા!

**નાસીરહુસેન લોટીયા.**
ટંકારીઆ, તાલુકા જિલ્લા: ભરૂચ, ગુજરાત.



A memorable photograph captured during the soil testing work in the early stages of the construction of Hamad International Airport, Doha, Qatar. From left to right: Nasirhusen Lotiya, Matin Manman, and Gelin (France), who served as the QA/QC Manager of Tankaria Engineer Matin Manman at the Doha Airport Project and later as the QA/QC Manager of Tankaria Engineer Amin Iplin on the Doha Metro (Qatar Rail network) Project.

હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા (કતાર)ના નિર્માણના આરંભિક તબક્કામાં Soil Testing કાર્ય દરમિયાન આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથેની યાદગાર મુલાકાત. તસવીરમાં (ડાબેથી જમણે): નાસીરહુસેન લોટીયા, મતીન મનમન અને ફ્રાન્સના ગેલિન – દોહા એરપોર્ટ ખાતે ટંકારીઆના ઈજનેર મતીન મનમનના QA/QC મેનેજર તેમજ દોહા મેટ્રો (Qatar Rail network) પ્રોજેક્ટમાં ટંકારીઆના ઈજનેર અમીન ઇપલીના QA/QC મેનેજર.



Gelin (from France), Nasirhusen Lotiya and Matin Manman. Hamad International Airport, Doha, Qatar.



ઉપરના ફોટોમાં Nasirhusen Lotiya (QA-QC Manager) અને Matin Manman (QA-QC Engineer) જીદ્દાહના નવા એરપોર્ટના main roof ની ઉપરના Steel Structure નું Final Inspection કરતાં નજરે પડે છે.

Captured during the final inspection of the steel structure on the main roof of the newly constructed King Abdulaziz International Airport, the photograph features Nasirhusen Lotiya (QA/QC Manager) and Matin Manman (QA/QC Engineer) ensuring the highest standards of quality and structural integrity.

(King Abdulaziz International Airport is a major international airport serving the cities of Jeddah and Mecca in Saudi Arabia, located 19 kilometres north of Jeddah and covering an area of 112 square kilometres.)




Matin Manman conducting roof inspection of the Cargo Terminal
Hamad International Airport – Doha, Qatar



મતીન મનમન દોહા એરપોર્ટના કાર્ગો ટર્મિનલ બિલ્ડીંગમાં Third Party Inspector સાથે ઇન્સ્પેકશન કરી રહ્યા છે.




મતીન મનમન જુદી જુદી બોલ્ટ સાઈઝ માટે "Calibrated wrench Method" માટે જરૂરી ટેસ્ટીંગ કરી રહ્યા છે.

Matin Manman is performing the necessary testing for the "Calibrated wrench Method" for different bolt sizes.




Nasirhusen Lotiya અને Matin Manman કાર્ગો ટર્મિનલ સાઈટ ઇન્સ્પેકશન દરમિયાન

Nasirhusen Lotiya and Matin Manman during cargo terminal site inspection





Nasirhusen Lotiya and Matin Manman at Doha, Qatar Airport

Nasirhusen Lotiya and Matin Manam at Doha, Qatar Airport



નાસીરહુસેન લોટીયા દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટની કુલ 14 Buildings માટે Lead Structural QA/QC Engineer તરીકેની ફરજ દરમિયાન કાર્ગો ટર્મિનલની સાઈટ ઓફિસમાં

Nasirhusen Lotiya at the cargo terminal site office during his duties as Lead Structural QA/QC Engineer for a total of 14 buildings of the Doha (Qatar) Airport project.



Doha (Qatar) Cargo Terminal: airside to landside and landside to airside "Automated Control"
The term "Automated Control" refers to the systems and technologies implemented at the Doha Cargo Terminal to manage and streamline the movement of cargo between airside and landside operations efficiently. This automation enhances operational efficiency, reduces the potential for human error, and improves overall logistics management.

દોહા (કતાર) કાર્ગો ટર્મિનલ: એરસાઇડ ટુ લેન્ડસાઇડ અને લેન્ડસાઇડ ટુ એરસાઇડ "ઓટોમેટેડ કંટ્રોલ"

"ઓટોમેટેડ કંટ્રોલ" શબ્દ દોહા કાર્ગો ટર્મિનલ પર લાગુ કરાયેલી સિસ્ટમો અને ટેકનોલોજીનો સંદર્ભ આપે છે જેથી એરસાઇડ અને લેન્ડસાઇડ કામગીરી વચ્ચે કાર્ગોની હિલચાલને કાર્યક્ષમ રીતે સંચાલિત અને સુવ્યવસ્થિત કરી શકાય. આ ઓટોમેશન ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો કરે છે, માનવ ભૂલની સંભાવના ઘટાડે છે અને એકંદર લોજિસ્ટિક્સ મેનેજમેન્ટમાં સુધારો કરે છે.




Air Traffic Control Tower









Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B)

**અગત્યની નોંધ:** Western India Institute of Aeronautics, Silver Oak College of Aviation Technology, Indus Institute of Aviation Technology અને અન્ય યુનિવર્સીટીમાં ચાલતા Aircraft Maintenance

Engineering (AME), Aeronautical Engineering, Aerospace Engineering માં Graduation/Post Graduation પછી કોઈ પણ એરપોર્ટમાં ખુબ સારી ઓફર સાથે નોકરી મેળવી શકાય છે.

Important Note: After Graduation/Post Graduation in Aircraft Maintenance Engineering (AME), Aeronautical Engineering, Aerospace Engineering run by Western India Institute of Aeronautics, Silver Oak College of Aviation Technology, Indus Institute of Aviation Technology and other universities, one can get a job with very good offers in any airport.




એરપોર્ટ કર્મચારીઓ માટેની મસ્જિદ. પ્રોજેક્ટમાં કામ ચાલુ હોય ત્યારે પણ પ્રોજેક્ટના દરેક વિસ્તારમાં બનાવેલા prayer room/prayer area અથવા ઓફિસમાં દરેક નમાઝ કોઈ પણ જાતની દ્વિધા વગર સરળતાથી અદા કરી શકાય છે.


Mosque for airport employees. Even when work is underway in the project, every prayer can be performed easily without any hesitation in the prayer room/prayer area or office built in every area of the project.



NEW DOHA INTERNATIONAL AIRPORT

adpi NDIA

| Date | Package | | |
|---|---|---|---|
| 18/12/2006 | PACKAGE 20: AIRLINE ENGINEERING & OPERATIONS FACILITIES | | |
| Project Number | Drawing title: AIRLINE OPERATION FACILITIES | | |
| 25045 | Drawing title: COLOR PALETTE PERSPECTIVE | Drawing no: C2300-20-A3-A-110 | Index: A |



NEW DOHA INTERNATIONAL AIRPORT

adpi NDIA

| Date | Package | | |
|---|---|---|---|
| 15/02/2007 | PACKAGE 15: AIRPORT OPERATION FACILITIES | | |
| Project Number | Drawing title: EMPLOYEE CANTEEN | | |
| 25045 | Drawing title: COLOR PALETTE PERSPECTIVE | Drawing no: C4500-15-A3-A-110 | Index: B |



નાસીરહુસેન લોટીયા "Welding Procedure Qualification", "Welding Procedure Specification", માટે જરૂરી Bend Test, Radiography Test, Ultrasonic Test માટે "Third Party Inspector" સાથે "Inspection and Test Plan" મુજબ, "Hold Point" ઇન્સ્પેકશન attend કરી રહ્યા છે.

Nasirhusen Lotiya is attending the "Hold Point" inspection as per the "Inspection and Test Plan" with a "Third Party Inspector" for the Bend Test, Radiography Test, Ultrasonic Test required for "Welding Procedure Qualification", "Welding Procedure Specification".



Villaggio Mall (Doha, Qatar) સહકર્મચારીઓ સાથે નાસીરહુસેન લોટીયા ડીનરના સમયે

Villaggio Mall (Doha, Qatar) Nasirhusen Lotiya with colleagues at dinner time


Panamera S
14/07/2010



નાસીરહુસેન લોટીયા અને મતીન મનમન સહકર્મચારીઓ સાથે ડીનરના સમયે.

Nasirhusen Lotiya and Matin Manman at dinner with colleagues.




નાસીરહુસેન લોટીયા અને મતીન મનમન સહકર્મચારીઓ સાથે.



નાસીરહુસેન લોટીયા Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B) ના ‘‘Inspection and Test Plan” ના “Hold Point” મુજબ ઇન્સ્પેકશન attend કરી રહ્યા છે.

Nasirhusen Lotiya is attending the inspection as per the “Hold Point” of the “Inspection and Test Plan” of Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B).




નાસીરહુસેન લોટીયા Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B) ના ‘‘Inspection and Test Plan” ના ‘‘Hold Point” મુજબ ઇન્સ્પેકશન attend કરી રહ્યા છે.

Nasirhusen Lotiya is attending the inspection as per the “Hold Point” of the “Inspection and Test Plan” of Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B).



નાસીરહુસેન લોટીયા દોહ઼ા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટમાં QC Manager Alexandros Marinopoulos (from Greece) સાથે. Weekly meeting પછી Brunch.

Nasirhusen Lotiya with QC Manager Alexandros Marinopoulos (from Greece) at the Doha (Qatar) Airport Project. Brunch after the weekly meeting.




Doha (Qatar) Cargo Terminal: airside to landside and landside to airside - "Automated Control"

દોહા (કતાર) કાર્ગો ટર્મિનલ: એરસાઇડથી લેન્ડસાઇડ અને લેન્ડસાઇડથી એરસાઇડ - "ઓટોમેટેડ કંટ્રોલ"




નાસીરહુસેન લોટીયા કાર્ગો ટર્મિનલના Roof પર ઇન્સ્પેકશન માટે. સેફટી બેલ્ટ, હેલ્મેટ, સેફટી જેકેટ, સેફટી ગ્લાસ અને સેફટીને લગતા બધા જ નિયમો બધા જ કર્મચારીઓને એક સરખી રીતે લાગુ પડે છે.

Nasirhusen Lotiya for inspection on the Cargo Terminal roof. Safety belts, helmets, safety jackets, safety glasses and all safety-related rules apply equally to all employees.




સુપરવાઈઝર અને તેની ઉપરના હોદ્દો ધરાવતા કર્મચારીઓ કોઈ પણ ઈમરજન્સીમાં અથવા કોઈ પણ જરૂરી મેસેજ બધાને સમય ગુમાવ્યા વિના પાસ કરી શકે એ માટે તેમને વોકીટોકી સેટ આપવામાં આવે છે.

Employees with the rank of supervisor and above are provided with walkie-talkie sets so that they can pass on any emergency or any necessary message to everyone without wasting time.



Doha (Qatar) Cargo Terminal: airside to landside and landside to airside - "Automated Control"



Cargo Agent Building and Air Traffic Control Tower under Construction. (Initial Stage)




Cargo Terminal Assignment Area Initial construction stage
કાર્ગો ટર્મિનલ Assignment Area પ્રારંભિક બાંધકામ તબક્કો




Air Traffic Control Tower. Initial Construction stage.

એર ટ્રાફિક કંટ્રોલ ટાવર. બાંધકામનો પ્રારંભિક તબક્કો.




Nasirhusen Lotiya. Fire Safety Inspection.

નસીરહુસેન લોટીયા. ફાયર સેફટી નિરીક્ષણ.




નાસીરહુસેન લોટીયા અને મતીન મનમનના મિત્ર QC Engineer અબ્દુલ રેહમાન સાથે નાસીરહુસેન લોટીયા (ડીનરના સમયે)

Nasirhusen Lotiya and Matin Manman's friend QC Engineer Abdul Rehman with Nasirhusen Lotiya (dinner time)



નાસીરહુસેન લોટીયા કાર્ગો ટર્મિનલને બિલકુલ અડીને આવેલા સ્ટાફ પાર્કિંગ એરિયામાં. કોઇ પણ ઈમરજન્સીમાં એમ્બ્યુલન્સ આવે એ પહેલાં પણ લાયસન્સ ધરાવતા કોઈ પણ કર્મચારી પોતાના પ્રાયવેટ વ્હીકલમાં બીજા કર્મચારીને એમ્બ્યુલન્સ રૂટનો ઉપયોગ કરી સારવાર માટે લઇ જઇ શકે એ માટે પ્રોજેક્ટ સાઈટની બિલકુલ નજીક ખાસ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે.

A dedicated staff parking area adjacent to the Cargo Terminal, designed to enhance emergency preparedness. In urgent situations, licensed employees can use their private vehicles to transport injured or ill colleagues via the designated ambulance route until emergency medical services arrive.




નાસીરહુસેન લોટીયા: Qatar King Family ની એરપોર્ટ Visit ના સમયે ખાસ બનાવેલ "Information Desk"

Nasirhusen Lotiya: Specially created "Information Desk" during Qatar King Family's airport visit




Nasirhusen Lotiya with Project Director (Project Head) Nicholas Regas at Doha (Qatar) Airport Project

દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટ ખાતે પ્રોજેક્ટ ડિરેક્ટર (પ્રોજેક્ટ હેડ) નિકોલસ રીગાસ સાથે નાસીરહુસેન લોટીયા



નાસીરહુસેન લોટીયા દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટમાં Project Director (Project Head) Nicholas Regas સાથે

Nasirhusen Lotiya with Project Director (Project Head) Nicholas Regas at the Doha (Qatar) Airport Project



Nasirhusen Lotiya with Project Director (Project Head) Nicholas Regas at Doha (Qatar) Airport Project

દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટ ખાતે પ્રોજેક્ટ ડિરેક્ટર (પ્રોજેક્ટ હેડ) નિકોલસ રીગાસ સાથે નાસીરહુસેન લોટીયા



નાસીરહુસેન લોટીયા દોહ્ા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટમાં QC Manager Alexandros Marinopoulos (from Greece) સાથે.

Nasirhusen Lotiya with QC Manager Alexandros Marinopoulos (from Greece) at the Doha (Qatar) Airport project.





Third Party inspector "Magnetic Particle Testing" કરી રહ્યા છે; મતીન મનમન QC Engineer તરીકે “Inspection and Test Plan” મુજબ,"Witness" ઇન્સ્પેકશન attend કરી રહ્યા છે.

Third Party inspector is doing "Magnetic Particle Testing"; Matin Manman is attending the "Witness" inspection as per the "Inspection and Test Plan" as a QC Engineer.




કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ - જીદ્દાહ (સાઉદી અરેબિયા) - પેસેન્જર ટર્મિનલ

King Abdulaziz International Airport - Jeddah (Saudi Arabia) - Passenger Terminal



કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ - જીદ્દાહ (સાઉદી અરેબિયા)

King Abdulaziz International Airport - Jeddah (Saudi Arabia) - Passenger Terminal



King Abdulaziz International Airport - Jeddah (Saudi Arabia) - Passenger Terminal
કિંગ અબ્દુલઅઝીઝ આંતરરાષ્ટ્રીય વિમાનમથક - જેદ્દાહ (સાઉદી અરેબિયા) - પેસેન્જર ટર્મિનલ




Nasirhusen (Dinner Time)




QA Manager Dana Marco Littlefield (– અમેરિકાના નાગરિક, ડાબી બાજુથી પહેલો સ્મિતવાળો ચહેરો) સાથે Nasirhusen Lotiya - Aircraft Maintenance Hangers ની સાઇટ ઓફીસમાં મીટીંગ દરમિયાન હળવા મૂડમાં.

QA Manager Dana Marco Littlefield (– American citizen, first smiling face from the left) in a relaxed mood during a meeting at the site office of Nasirhusen Lotiya - Aircraft Maintenance Hangers.




નાસીરહુસેન લોટીયા (Lead Structural QA/QC Engineer) Doha Qatar Airport પ્રોજેક્ટમાં QA Manager (from USA), QC Manager (from Greece), Deputy QC Manager, Construction Manager (from UK), Site Manager (from Cyprus), QA Engineer સાથે Weekly Meeting પછી Brunch ના સમયે.

(Brunch: "breakfast" + "lunch" ના પોર્ટમેન્ટો (બે શબ્દોને જોડીને બનાવેલો નવો શબ્દ) છે.)

Nasir Husen Lotiya (Lead Structural QA/QC Engineer) Doha Qatar Airport Project QA Manager (from USA), QC Manager (from Greece), Deputy QC Manager, Construction Manager (from UK), Site Manager (from Cyprus), QA Engineer at Brunch after Weekly Meeting.

(Brunch: Portmanteau of "breakfast" + "lunch").


14/07/2010



નાસીરહુસેન લોટીયા "Welding Procedure Qualification", "Welding Procedure Specification", માટે જરૂરી Bend Test, Radiography Test, Ultrasonic Test, માટે Third Party Inspector સાથે "Inspection and Test Plan" મુજબ, "Hold Point" ઇન્સ્પેકશન attend કરી રહ્યા છે.

Nasirhusen Lotiya is attending the "Hold Point" inspection with a Third-Party Inspector as per the "Inspection and Test Plan" for the Bend Test, Radiography Test, Ultrasonic Test required for "Welding Procedure Qualification", "Welding Procedure Specification".



મતીન મનમન મક્કા શરીફના હરમ (મસ્જિદ અલ-હરમ)ના વિશાળ વિસ્તરણ પ્રોજેક્ટની સાઈટ ઓફિસમાં

Matin Manman at the site office of the massive expansion project of the Haram (Masjid al-Haram) in Mecca Sharif



નાસીરહુસેન લોટીયા Petro Rabigh, Petrochemical company of Saudi Arabia (Saudi Aramco Refinery) માં QA/QC Engineer તરીકે સાઇટ ઓફિસમાં Inspection Request Form (IRF) ચેક કરી રહ્યા છે.

Nasirhusen Lotiya is checking Inspection Request Form (IRF) at the site office as a QA/QC Engineer at Petro Rabigh, Petrochemical company of Saudi Arabia (Saudi Aramco Refinery).




નાસીરહુસેન લોટીયા Petro Rabigh, Petrochemical company of Saudi Arabia (Saudi Aramco Refinery) માં QA/QC Engineer તરીકે સાઇટ ઇન્સ્પેકશન દરમિયાન

Nasirhusen Lotiya during a site inspection as a QA/QC Engineer at Petro Rabigh, Petrochemical company of Saudi Arabia (Saudi Aramco Refinery)



નાસીરહુસેન લોટીયા Petro Rabigh Petrochemical company of Saudi Arabia (Saudi Aramco) માં "Certified/Authorised ASNT Inspector" તરીકે રિફાયનરીના સૌથી અગત્યના pressure vessel - “Reactor” નું ઇસ્ટોલેશન ઇન્સ્પેકશન કરી રહ્યા છે.

Nasirhusen Lotiya is performing installation inspection of the most important pressure vessel of the refinery - “Reactor” - as a "Certified/Authorised ASNT Inspector" at Petro Rabigh Petrochemical company of Saudi Arabia (Saudi Aramco).



નાસીરહુસેન. દોહા (કતાર) પેસેન્જર ટર્મિનલ

Nasirhusen. Doha (Qatar) Passenger Terminal



Mustakbhai Diwari, Nasirhusen Lotiya and Abdulbhai Bapuji at Doha Qatar Passenger Terminal

દોહા કતાર પેસેન્જર ટર્મિનલ ખાતે મુસ્તાકભાઈ દિવારી, નાસીરહુસેન લોટીયા અને અબ્દુલભાઈ બાપુજી



Matin Manman, Mustakbhai Diwari, and Abdulbhai Bapuji at Doha Qatar Airport



Best Farewell Party by Colleagues at New Doha International Airport (NDIA), Doha, Qatar)

ન્યુ દોહા ઇન્ટરનેશનલ એરપોર્ટ (NDIA), દોહા, કતાર ખાતે સાથીદારો દ્વારા શ્રેષ્ઠ ફેરવેલ (વિદાય) પાર્ટી.




જીદ્દાહ જતી વખતે નાસીરહુસેન લોટીયાની QA Engineer સાથેની છેલ્લી મુલાકાત

Nasirhusen Lotiya's last meeting with QA Engineer while leaving for Jeddah



નાસીરહુસેન લોટીયા દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટના QC Manager Late Mr. Alexandros Marinopoulos (from Greece) સાથેની છેલ્લી મુલાકાત વખતે.

Nasirhusen Lotiya during his last meeting with the QC Manager of Doha (Qatar) Airport Project, Late Mr. Alexandros Marinopoulos (from Greece).



Nasirhusen Lotiya with QA Manager Late Mr. Dana Marco Littlefield (from USA) at Doha Airport Site Office. Last Meeting at New Doha International Airport. (NDIA- now known as Hamad International Airport, Doha, Qatar).

દોહા એરપોર્ટ સાઇટ ઓફિસ ખાતે QA મેનેજર Late શ્રી ડાના માર્કો લિટલફિલ્ડ (યુએસએથી) સાથે નાસીરહુસેન લોટીયા. ન્યૂ દોહા ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે છેલ્લી મુલાકાત. (NDIA- હવે હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા, કતાર તરીકે ઓળખાય છે).



નાસીરહુસેન લોટીયા દોહ્રા એરપોર્ટનું કામ પૂરું કરી જીદ્દાહ એરપોર્ટ પ્રોજેક્ટમાં QA-QC મેનેજર તરીકેની જવાબદારી નિભાવવા માટે રવાના થયા ત્યારે દોહ્રા એરપોર્ટ પ્રોજેક્ટના QA Manager Late ડાના માર્કો લિટલફિલ્ડ (યુએસએ નિવાસી) સાથેની છેલ્લી મુલાકાતના સમયે.

Nasir Hussain Lotia left for Jeddah Airport Project after completing the Doha Airport project to take up the responsibility of QA-QC Manager. At the time of his last meeting with QA Manager of Doha Airport Project, Late Dana Marco Littlefield (USA resident).

દોહ્રા કતાર એરપોર્ટ પ્રોજેક્ટ પૂરો થતાં જ મને જીદ્દાહમાં બની રહેલા નવા King Abdulaziz International Airport (KAIA) એરપોર્ટ પ્રોજેક્ટમાં QA-QC Manager તરીકેની જોબ ઓફર મળતાં હું દોહ્રા કતારથી જીદ્દાહ (સાઉદી અરેબિયા) જવા રવાના થયો તે પ્રસંગના ઉપરના ૦૫ ફોટો વર્ષો પછી જયારે મેં Jauary 2026 માં જોયા ત્યારે મારી આંખો ભીની થઇ હતી.

As soon as the Doha, Qatar, airport project was completed, I received a job offer as QA-QC Manager for the new airport project in Jeddah. Consequently, I set off from Doha, Qatar, to Jeddah (Saudi Arabia). When I looked at the last five photographs from that occasion years later, my eyes welled up with tears.

**તમારી સફળતા માટે શુભેચ્છા!**
**નાસીરહુસેન લોટીયા**